
# ઉમાશંકર જોશી અને અવિનાશ વ્યાસને જન્મજયંતિ અવસરે ઓનલાઇન સ્મરણાંજલિ અર્પણ કરાઇ

## દિલ્હીથી 'મારી ભાષા ગુજરાતી' કાર્યક્રમમાં ગીત-સંગીતની મહેફિલ સાથે ચર્ચાગોષ્ઠી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

મૂર્ધન્ય ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશી અને ગીત-સંગીતકાર અવિનાશ વ્યાસની જન્મજયંતિ અવસરે એક કાર્યક્રમમાં આ બંને મહાન ગુજરાતી વિભૂતિને સંગીતમય સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી. જાણીતા સાહિત્યકાર ડો. કેશુભાઈ દેસાઈના સાંનિધ્યમાં યોજાયેલ કાર્યક્રમમાં ઉમાશંકર અને અવિનાશનાં ગીતોનું ગાયન




પણ કરવામાં આવ્યું. ઉમાશંકરના વિલક્ષણ વ્યક્તિત્વ અને આગવી સર્જનપ્રતિભા વિષે બોલતાં શ્રી દેસાઈએ જણાવ્યું કે ઉમાશંકર જોશી કવિ તરીકે સમકાલીનોમાં શ્રેષ્ઠ હોવા ઉપરાંત માણસ તરીકે પણ તેઓ મૂઠીઊંચેરા છે. 'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી' ગાનારા આ કવિ વસુંધરાના ઢેફામાંથી પાંગરીને પોતાની સર્જન સર્જન પ્રતિભાબળે વિશ્વમાનવી કક્ષાએ પહોંચ્યા. સર્વોચ્ચ સાહિત્યિક એવોર્ડ - જ્ઞાનપીઠ અને વિશ્વભારતીના કુલપતિ સહિતનાં અનેક પદ-સન્માનપ્રાપ્ત ઉમાશંકરની યોગ્ય કદર કરવા ગુજરાત અને ગુજરાતીઓ પાસે હજી ઘણું કરવાનું ખૂટે છે. પ્રારંભે પત્રકાર-પોઝિટિવ સ્ટોરી લેખક રમેશ તન્નાએ ઉમાશંકર જોશી અને અવિનાશ વ્યાસ વિશે પરિચયાત્મક પ્રાસ્તાવિક સંબોધન કર્યું હતું. અમદાવાદના પ્રતિભાશાળી ગાયક યુગલ સંપદા અને પ્રહર વોરા તેમ જ ઉભરતા નવયુવાન ગાયક ઋષભ કાપડિયાએ સુમધુર કંઠે ઉમાશંકર અને અવિનાશનાં કેટલાંક યાદગાર ગીતો રજૂ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. આ કાર્યક્રમમાં દિલ્હી, ગુજરાત અને અમેરિકાથી શ્રોતાઓ જોડાયા હતા.

૧૦૦ મિનિટ પ્રોગ્રામ ઉપક્રમે દિલ્હીથી ભાગ્યેન્દ્ર પટેલ દ્વારા 'ગુજરાત મોરી મોરી રે' શીર્ષકથી આ ખાસ ઓનલાઈન સભા યોજાઈ હતી. ગુજરાતી ભાષાની શુદ્ધતા, પ્રતિષ્ઠા અને મહત્વ વિશેષ કરીને બિનગુજરાતી ભાષાપ્રદેશમાં નિવાસ કરતા ગુજરાતીઓમાં જાળવી રાખવાના ઉદ્દેશથી 'મારી ભાષા ગુજરાતી' નામે દિલ્હીથી ઓનલાઈન સાપ્તાહિક કાર્યક્રમ ૧૪ જૂન ૨૦૨૦થી શરુ કરાયેલ. ગુજરાતી ભાષા બોલાય તો સાચી ને બરાબર બોલાય, લખાય ત્યારે સુવાચ્ય ને સાચી જોડણી અને વ્યાકરણમાં લખાય, વંચાય ત્યારે ઉચ્ચારણમાં અસલ ગુજરાતીનો લહેકો ને રણકો જળવાઈ રહે આવા ધ્યેયથી આ નાનો ઉપક્રમ આરંભાયેલ જેમાં રવિવારે સાંજે ૩.૫૦થી ૫.૩૦ સુધી વેબેક્ષ અને ઝૂમ વગેરે ઓનલાઈન મિટિંગ પ્લેટફોર્મ પર દોઢ કલાકના કાર્યક્રમમાં દિલ્હી અને ગુજરાત તેમજ અન્ય શાળોથી ગુજરાતી ભાષાપ્રેમીઓ જોડાય છે. અંગ્રેજી અને અન્ય ભાષાઓના દિવસોદિવસ વધતા પ્રભાવ વચ્ચે ગુજરાતી ભાષાની જીવનવ્યવહારમાં પ્રવાહિતા જળવાઈ રહે અને ખાસ કરીને નવી પેઢીમાં માતૃભાષા ગુજરાતી પ્રત્યે મમત્વ જળવાઈ રહે તે માટે એક પ્લેટફોર્મ પર અનેક વ્યક્તિઓ સામુહિક રીતે જાણવા-શીખવાની ભાષાકીય-સાહિત્યિક-કળાકીય પ્રવૃત્તિ નિયમિત કરે એવો આ ઉપક્રમ છે. માતૃભાષાથી વિમુખ થતા જતા યુવાનોમાં ગુજરાતીની ભાષાજાગૃતિનું જતન થાય એવો મનસૂબો ધરાવતા ગુજરાતી ભાષા પર પૂર્ણ કેન્દ્રિત આ કાર્યક્રમની લોકપ્રિયતા વડીલોમાં પણ સવિશેષ બની રહી છે.



પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિરે હાર્દિકભાઈ પટેલ એ સોમનાથ મહાદેવના દર્શન કર્યા,ધ્વજાપૂજા કરવામાં આવી હતી. તેમની સાથે સ્થાનિક ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાં, ભગવાનભાઈ બારડ,ભીખાભાઈ જોષી, માન.મોહનભાઈ વાળા જેવા મહાનુભાવો પણ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં ૪૧૬ આવાસો-તાલુકા સેવાસદનના ઈ-લોકાર્પણ કરતા મુખ્યમંત્રી

## રૂ. ૧૮.૧૭ કરોડના ખર્ચે ૪૧૬ આવાસો-રૂ. ૯.૯૬ કરોડના ખર્ચે પાટડી તાલુકા સેવાસદન

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે રાજ્યના ગરીબ, વંચિત, શોષિત અને ઘરવિહોણા લોકોને પાકું સુવિધાયુકત આવાસ છત્ર મળે તે માટે રાજ્ય સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજનામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦ લાખ આવાસો નિર્માણ કર્યા છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, માળખાકીય સુવિધાઓને સરકારે પ્રાથમિકતા આપી છે એમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ સુરેન્દ્રનગરની થાનગઢ નગરપાલિકાએ રૂ. ૧૮.૧૭ કરોડના ખર્ચે નિર્માણ કરેલા ૪૧૬ આવાસોનું ઈ-લોકાર્પણ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ પાટડી-દસાડા તાલુકા સેવાસદનના

વિજયભાઈ રૂપાણીએ કોરોના સંક્રમણના આ વૈશ્વિક કપરા કાળમાં પણ રાજ્યની વિકાસયાત્રા આગળ ધપતી રહે સાથોસાથ સંક્રમણ પણ વધે નહિં તેવી સતર્કતા સાથે પ્રધાનમંત્રીશ્રીના જાન હૈ, જહાન ભી હૈ ના સુત્રને સાકાર કરવાની દિશામાં ગુજરાત આગળ વધ્યું છે તેની પણ વિગતો આપી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું કે, કોરોના કોરોના સંક્રમિતોનો રિકવરી રેટ ૭૨ ટકા થી વધુ છે અને મૃત્યુદર પણ નીચો છે. આરોગ્યરક્ષાના સઘન પગલાં અને લોકોની જનજાગૃતિને કારણે ગુજરાત આ દર જાળવી શકયું છે.

મુખ્યમંત્રીશ્રીએ સુરેન્દ્રનગર જિલ્લામાં કોરોના સંક્રમણ વધુ ન વકરે તે માટે નાગરિકો-પ્રજાજનોને સતર્કતા રાખવાની પણ અપિલ કરી હતી.





આવાસ યોજનાઓમાં માત્ર માથે છત જ નહિ, લાઈટ, શૌચાલય, પાણી અને પાકા રસ્તાઓ સાથેના સુવિધાસભર આવાસો આ સરકારે પૂરાં પાડયા છે. આવા આવાસો ગરીબ, અંત્યોદય પરિવારોને આપીને તેમનું જીવન ધોરણ ઊંચું આવે તેમને પણ વ્યવસ્થાઓનો લાભ મળે તેવી રૂ.૯.૯૬ કરોડના ખર્ચે નવનિર્મિત સુવિધાસભર ભવનનો પણ લોકાર્પણ ગાંધીનગરથી કર્યો હતો. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, હરેક માનવીને ઘરના ઘરનું સપનું હોય છે. ગરીબ-વંચિત માનવીનું એ સપનું સાકાર કરવા પ્રધાનમંત્રી આવાસ અને મુખ્યમંત્રી આવાસ યોજના આશીર્વાદ રૂપ બની છે.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં મહામારીમાં પણ પ્રજાહિત-લોકહિતના કામો અટકવા દીધા નથી. તેમણે સૌ નાગરિકોને માસ્કનો ઉપયોગ, સોશિયલ ડિસ્ટન્સ, વારંવાર હાથ ધોવા, ભીડભાડ ન કરવી જેવી સારી આદતો કેળવી કોરોનાનો વ્યાપ અટકાવવા અપિલ કરી હતી.

પાટડી-દસાડાના નવનિર્મિત તાલુકા સેવાસદનનું ભવન ગરીબ, સામાન્ય માનવીની રજૂઆતો-પ્રશ્નોના ઝડપી નિકાલ અને ભ્રષ્ટાચાર રહિત પારદર્શી શાસન વ્યવસ્થાના વર્કકલ્ચરનું કેન્દ્ર બનશે, એવો વિશ્વાસ તેમણે રૂ. ૯.૯૬ કરોડના આ ભવનનો પ્રજાર્પણ કરતા વ્યકત કર્યો હતો.

# રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સનું વૃક્ષારોપણ કાર્યક્રમમાં અનોખું યોગદાન






ગાંધીનગર, તા. ૨૦

પાટનગરના ટીપી-૯ તરીકે ઓળખાતા ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ ટીપી-૯, રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ તથા અહીંના રહીશોના સહયોગથી તા. ૧૯મી જુલાઈ, ૨૦૨૦ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટના સક્રિય પ્રમુખ અને ઉપપ્રમુખ હિંમતભાઈ પટેલ અને જગદીશભાઈ નમેરાના પ્રયત્ન અને માર્ગદર્શન હેઠળ રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સથી અવનીપ્રસ્થ એપાર્ટમેન્ટ સુધીના ડિવાઈડર પર તેમજ નજીકના વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પ્રકૃતિરક્ષણના ઉમદા કાર્ય માટે રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ અને અવનીપ્રસ્થ એપાર્ટમેન્ટના બિલ્ડર જે. પી. પટેલે વૃક્ષારોપણ માટેના તમામ છોડનું ઉત્તમ દાન કર્યું હતું. આ કાર્યક્રમની શરુઆત ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલના હસ્તે કરવામાં આવી હતી. રેડિયન્ટ સ્કૂલના પટાંગણમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરતાં મેયરના અધ્યક્ષસ્થાને મીટીંગ કરવામાં આવી હતી. જેમાં સદર વિસ્તારમાં ગંદકી, દબાણ, રસ્તાઓ વગેરેના લગતાં પ્રશ્નો ઉકેલવા ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. મેયર શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા તમામ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાનું વચન આપવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



જતિન એસ શુક્લ
તંત્રી, પાટનગર ટુડે,
ઢળતી સાંજ દૈનિક,
મો. ૯૪૨૭૬ ૧૬૬૦૧



વિજયભાઈ એ સોલંકી
મહામંત્રી, ગાંધીનગર શહેર
જિલ્લા કોંગ્રેસ સમિતિ
મો. ૯૪૨૭૩ ૧૪૩૭૭



ભરતસિંહ પુનમજી ઠાકોર
મો.૭૯૮૪૩ ૩૩૪૮૦



ભાનુબેન ઠક્કર
લાયોનેસ ક્લબ, ગાંધીનગર

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી મહોત્સવ પ્રસંગે વિશ્વ વસતિ સપ્તાહ દ્વારા જન જાગૃતિ અભિયાન હાથ ધરાયું






ગાંધીનગર, તા. ૨૦

૧૮મી ઓકટોબર ૧૯૨૦માં પૂજ્ય મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠને ૧૮મી ઓકટોબર ૨૦૨૦માં ૧૦૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે શતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શક હેઠળ વિશ્વ વસ્તી સપ્તાહ દ્વારા જન જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૧ જુલાઈ થી ૧૮ જુલાઈ ૨૦૨૦ દરમિયાન જુદા જુદા કાર્યક્રમો હાથ ધરાયા હતા. તેમાં રાજય કક્ષાના બે વેબીનાર, બે રાષ્ટ્રીય વેબીનાર અને વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાયા હતા.

આ સપ્તાહના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજયકક્ષાના વેબીનારમાં વસતિ શિક્ષણ દ્વારા વસતિ નિયંત્રણ અને વૈશ્વિક મહામારી વિષય પર વિદ્વાન વક્તાઓ દ્વારા ચર્ચા કરી હતી. તેમાં મુખ્ય વક્તા તરીકે પ્રા. રમેશભાઈ પટેલ, ડૉ. મંદાબેન પરીખ, ડૉ. અરુણભાઈ ગાંધીએ ચર્ચા કરી હતી. મુખ્ય મહેમાન તરીકે ગૂજરાત રાજય હાયર એજ્યુકેશનના જોઈન્ટ કમિશનર નારાયણ મધુ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ ઉપસ્થિત રહ્યા હતા.

૧૩મી જુલાઈ ૨૦૨૦ના રાજયકક્ષાના વેબીનારમાં 'વસતી વધારાની પર્યાવરણ પર અસરો' વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં મુખ્ય વક્તા તરીકે ગૂજરાત વિદ્યાપીઠના માનદ નિયામક (વિસ્તરણ) ડૉ. રાજેન્દ્ર ખીમાણી અને ગૂજરાત રાજયના વન વિભાગના નિવૃત્ત ડેપ્યુટી વન સંરક્ષણ અધિકારી હેમંતભાઈ સુથારે પર્યાવરણ અને વસતિ વધારાને લઈને ચર્ચાઓ કરી હતી. આ વેબીનારોમાં ગુજરાતભરમાંથી અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૧૫ જુલાઈ ૨૦૨૦ના રોજ નેશનલ વેબીનારનું આયોજન કર્યું હતું. તેમાં વસતી વધારાની આરોગ્ય પર અસરો વિષયને લઈને બીજે મેડિકલ કૉલેજ અમદાવાદના ડીન, મેડીકલ વિષયના નિષ્ણાંત ડૉ. કમલેશ ઉપાધ્યાય અને સાદરા કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાએ ચર્ચા કરી હતી. તેમાં ભારત દેશમાંથી અધ્યાપકો, વિદ્યાર્થીઓ જોડાયા હતા. ૧૬મી જુલાઈએ ૧૦૦ આંબાનું રોપાણ કરવામાં આવ્યું હતું. ૧૮મી જુલાઈ ૨૦૨૦ વિશ્વ વસતિ સપ્તાહ સમાપન સમારોહ યોજાયો હતો.

સાથે નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોરોના મહામારીમાં રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોની મહત્ત્વની ભૂમિકા વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય વેબીનારમાં પ્રદેશિક જનસંપર્ક બ્યુરો સૂચના અને પ્રસારણ મંત્રાલય ભારત સરકાર અમદાવાદના ડૉ. ધીરજ કાકડિયા અને યુવા અને ખેલ મંત્રાલય, એન.એસ.એસ. નિર્દેશાલય ભારત સરકારના સહાયક કાર્યક્રમ સલાહકાર ડૉ. કમલકુમાર કર મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ ઉપસ્થિત રહ્યા હતા. આ વેબીનારમાં ભારત દેશમાંથી અધ્યાપકો, સંશોધકો વિદ્યાર્થીઓ અને અધિકારીઓ જોડાયા હતા. એ વેબીનારો ગૂગલ મીટના ઓનલાઈન માધ્યમથી યોજાયા હતા.

આ સમગ્ર સપ્તાહનું આયોજન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, કા. કુલસચિવ ડૉ. ભરત જોષી, માનદ નિયામક (વિસ્તરણ) ડૉ. રાજેન્દ્ર ખીમાણી, રાષ્ટ્રી સેવા યોજનાના સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધી અને સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુ, ડો. દિવ્યેશ ભટ્ટ, ડૉ. પ્રવિણ દુલેરા, તકનીકી વ્યવસ્થા વિશાલ માંગરોળીયા તથા સિક્યુરીટી સ્ટાફ અને બિન શૈક્ષણિક સેવકોના વિશેષ સહયોગથી સપ્તાહનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.



પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર યાત્રાધામના મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે એ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા,બાદ મહાપૂજા- કરી હતી. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજરએ સ્મૃતિભેટ આપી તેઓનું સન્માન કર્યું હતું.



પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારના દિવસે કોલવડા મુક્તિધામ (સ્મશાન)મા સોશિયલ ડિસ્ટન્સ રાખી કોરોના મહામારી સામે લડવા શિવ ભજન કરતા મહિલા મંડલના સભ્યો...